અનુ.જાતીના લોકોને આપવામાં
મફત તબીબી સહાયના દરમાં વધારો
કરવા બાબત
- - - - - - - - - - - -

ગુજરાત સરકાર
સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગ
(સ.ક. પ્રભાગ)
ઠરાવ ક્રમાંક: એસસી ડબલ્યુ/૧૦૯૭/ન.બા.૯/ગ
સચિવાલય, ગાંધીનગર
તા: ૧૮/૯/૧૯૯૮

વાંચો લીધા: (૧) સમાજ કલ્યાણ વિભાગનો તા: ૨૫/૧/૮૯નો ઠરાવ ક્રમાંક: એસસી ડબલ્યુ/૧૦૮૯/૩૭૩૦/(૮)જ

૨. સમાજ કલ્યાણ વિભાગના તા: ૯/૧૧/૧૯૯૦નો ઠરાવ ક્રમાંક: એસસી ડબલ્યુ/૧૦૯૦ ન.બા.૧૬/જ

૩. સમાજ કલ્યાણ અને આ.વિ.વિ. (સ.ક. પ્રભાગ) નો તા: ૨૭/૩/૯૨નો ઠરાવ ક્રમાંક: એસસી ડબલ્યુ/૧૦૯૧/૧૦૩/જ

૪. સમાજ કલ્યાણ અને આ.વિ.વિ. (સ.ક. પ્રભાગ) નો તા: ૨૭/૧૧/૯૨નો ઠરાવ ક્રમાંક: એસસી ડબલ્યુ/૧૦૯૨/૨૯૦૪/જ

૫. નિયામકશ્રી, સમાજ કલ્યાણખાતાનો તા: ૧૯/૧૨/૯૭નો પત્રક્રમાંક: સક/અન/૫/૯૭/૪/૧૪૦૩

ઠરાવ

આમુખમાં ક્રમાંક: ૧, ૨, ૩ અને ૪થી જણાવેલ ઠરાવોથી અનુ.જાતીના લોકોને આપવામાં આવતી મફત તબીબી સહાયની યોજના અમલમાં છે. અનુ.જાતીના લોકોની નબળી આર્થિક પરિસ્થિતિના કારણે તેઓ જોખમી અને હઠીલા દર્દો રોગમાટેની મોંઘી દવાઓ ખરીદી શકતા નથી કે યોગ્ય સારવાર મેળવી શકતા નથી આથી સરકારશ્રીએ કાળજી પૂર્વકની વિચારણા કરી અનુ.જાતીના લોકોને આપવામાં આવતી મફત તબીબી સહાય યોજના અંતર્ગત નીચે દર્શાવેલ રોગોમાં હાલ અપાતી સહાયના દરોમાં તેની સામે જણાવ્યા મુજબ વધારો કરવાનું ઠરાવવામાં આવે છે.

| રોગનું નામ | સહાયના પ્રવર્તમાન દર | સહાયના સુધારેલ દર |
|---|---|---|
| ૧. પ્રસુતિના ગંભીર રોગના કેસમાં | રૂ. ૨૫૦/- કેસ દીઠ | રૂ. ૫૦૦/- કેસદીઠ |
| ૨. સ્ત્રીઓને થતા ગુહ્ય રોગ માટે | રૂ. ૭૫/- કેસ દીઠ | રૂ. ૧૫૦/- કેસદીઠ |
| ૩. ક્ષય | રૂ. ૧૨૫/- પ્રતિમાસ ૧૨ મહિના સુધી | રૂ. ૨૫૦/- પ્રતિમાસ ૧૨ મહિના સુધી |
| ૪. કેન્સર | રૂ. ૩૦૦/- પ્રતિમાસ, દર્દ મટે ત્યાં સુધી | રૂ. ૫૦૦/- પ્રતિમાસ- દર્દ મટે ત્યાં સુધી |
| ૫. રકતપિત્ત | રૂ. ૨૦૦/- પ્રતિમાસ- દર્દ મટે ત્યાં સુધી | રૂ. ૪૦૦/- પ્રતિમાસ દર્દ મટે ત્યાં સુધી |

ઉપર્યુકત મફત તબીબી સહાય યોજનાનો લાભ નીચે જણાવેલ શરતોને આધીન આપવામાં આવશે.

૧. અરજદારની વાર્ષિક આવક મર્યાદા રૂ. ૧૨૦૦૦/- થી વધુ ના હોવી જોઈએ.

૨. ક્ષય, કેન્સર અને રકતપિતના દર્દી જ્યાં સારવાર લેતા હોય તેવા સરકારી ડૉકટર અથવા સરકાર માન્ય ડૉકટરનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે.

..૨..

Scanned by CamScanner

સહાયની યોજનાનો લાભ મળી શકશે નહીં

૩. સરકારી કર્મચારીઓને આ મફત તબીબી સહાયની યોજનાનો લાભ મળી શકશે નહીં વિભાગ-૨ની નવી બાબતથી કરવાના
યોજના માટે વર્ષ ૯૮/૯૯ના અંદાજપત્રમાં જોગવાઈનો ખર્ચ કરવાની સાથે
રૂ. ૧૦.૦૦ લાખની ( અંકે રૂપિયા દસ લાખની )
મંજુરી આપવામાં આવે છે.

આ અંગેનું ખર્ચ માંગણી ક્રમાંક:૯૩ મુખ્ય સદર૨૨૨૫-અનુ.જાતી, અનુ.જનજાતી અને અ. સદર(૧) બીસીકે-૪ પછાતવર્ગોનું કલ્યાણ અનુ.જાતીઓનું કલ્યાણ -૨૮૨, આરોગ્ય પેટા સહાય હેઠળ થયેલ જોગવા અનુ.જાતી વ્યક્તિઓ માટે/ ખાસ અંગભૂત યોજના મફત તબીબી સહાય હેઠળ થયેલ જોગવાઈ મેળવવાનું રહેશે.

આ હુકમો આ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાસલાહકારશ્રીની તા:૯/૯/૯૮ની નોંધથી મળેલ સમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ટી.એ.ગજ્જર)
સેક્શન અધિકારી
સમાજ કલ્યાણ વિભાગ

પ્રતિ
મંત્રીશ્રી(સ.ક)ના અંગત સચિવશ્રી
નિયામકશ્રી સ.ક.ખાતુ,ગુ.રા. ગાંધીનગર
સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, વર્ગ-૧
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પં)

એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/ રાજકોટ

બજેટશાખા સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગ(સ.ક.ભાગ)
નાણા સલાહકારશ્રી સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
પસંદગી ફાઈલ

નં: સક/મફતતબીબી/૨/૯૮/
નિયામક, સમાજ કલ્યાણ ખાતુ
ડૉ.જીવરાજમહેતાભવન, બ્લોક નં.
બીજોમાળ, ગાંધીનગર
તા: ૨૬/૧૦/૯૮

નકલ આના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ
---
૧. જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, સર્વે
૨. જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી/પં) સર્વે

નાયબ નિયામક
સમાજ કલ્યાણ ખાતુ.ગુ.રા.
ગાંધીનગર